Saturday
11.04.2026
*Volume :10 * Issue No.274
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ 'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' પર નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સહભાગી થયા

**જે સમયે વિશ્વના વિવિધ ભાગોમાં સંઘર્ષની સ્થિતિ બનેલી છે, એવા સમયે સમસ્ત વિશ્વના કલ્યાણ માટે નવકાર મંત્રનો સામૂહિક જાપ કરવો અત્યંત સાર્થક અને પ્રાસંગિક છે**

## આજે જ્યારે વિશ્વને શાંતિની જરૂર છે, એવામાં નવકાર મંત્રનું સામૂહિક ઉચ્ચારણ વાતાવરણની શુદ્ધિની સાથે-સાથે મનના વિકારોને શાંત કરવામાં પણ મદદરૂપ થશે



- **નવકાર મંત્ર સંપૂર્ણપણે નિરાકાર, નિરપેક્ષ અને સાર્વભૌમિક પ્રાર્થના છે, જેમાં કાળ, જાતિ, ક્ષેત્ર કે ધર્મના આધારે કોઈ ભેદભાવ નથી**
- **જ્યારે લોકો શ્રદ્ધાપૂર્વક એક જ મંત્રનો સામૂહિક જાપ કરે છે, ત્યારે તેનાથી માત્ર વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વનું પણ કલ્યાણ થાય છે**
- **ભારત વિવિધ સંપ્રદાયો અને ધર્મોનો દેશ છે, જ્યાં પ્રત્યેક પરંપરામાં મંત્રોની વિશેષ મહત્તા અને આધ્યાત્મિક શક્તિનું વર્ણન જોવા મળે છે**
- **જ્યારે વ્યક્તિ નમન કરે છે, ત્યારથી જ તેના અહંકારના ઓગળવાની શરૂઆત થઈ જાય છે**

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ 'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' પર નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સહભાગી થયા હતા. આ પ્રસંગે શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે જ્યારે વિશ્વના વિવિધ ભાગોમાં પોતાના વિચારો સ્થાપિત કરવા માટે સંઘર્ષની સ્થિતિ બનેલી છે, એવા સમયે અહીંથી સમસ્ત વિશ્વના કલ્યાણ હેતુ નવકાર મંત્રનો સામૂહિક જાપ કરવો અત્યંત સાર્થક અને પ્રાસંગિક છે. તેમણે કહ્યું કે ભારત વિવિધ સંપ્રદાયો અને ધર્મોનો દેશ છે, જ્યાં પ્રત્યેક પરંપરામાં મંત્રોની વિશેષ મહત્તા અને આધ્યાત્મિક શક્તિનું વર્ણન જોવા મળે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે મંત્રો માનવ જીવનને ઉચ્ચ દિશા પ્રદાન કરે છે, આપણા ચૈતન્યને જાગૃત કરે છે અને શુભ સંકલ્પોને સુદ્રઢ બનાવે છે. તેમણે કહ્યું કે જ્યારે લોકો શ્રદ્ધાપૂર્વક એક જ મંત્રનો સામૂહિક જાપ કરે છે, ત્યારે તેનાથી માત્ર વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વનું પણ કલ્યાણ થાય છે. શ્રી અમિત શાહે કહ્યું કે આપણા સિદ્ધોએ પેઢીઓ સુધી અથાગ સાધના કરી સમસ્ત માનવતાના કલ્યાણ માટે આ મંત્રોની રચના કરી છે. આપણે શ્રદ્ધાપૂર્વક તેનો સ્વીકાર કરી તેમનું અનુસરણ પણ કરવું જોઈએ. તેમણે કહ્યું કે નવકાર મંત્ર સંપૂર્ણપણે નિરાકાર, નિરપેક્ષ અને સાર્વભૌમિક પ્રાર્થના છે, જેમાં કાળ, જાતિ, ક્ષેત્ર કે ધર્મના આધારે કોઈ ભેદભાવ હોતો નથી. વિશ્વમાં આ પ્રકારની સર્વસમાવેશક અને સર્વમાન્ય પ્રાર્થના મળવી અત્યંત દુર્લભ છે. તેમણે એમ પણ કહ્યું કે આ પ્રાર્થના તે મહાન આત્માઓના ગુણોની વંદના છે, જેમણે પોતાના કર્મો પર વિજય પ્રાપ્ત કરી આત્મજ્ઞાન અને મોક્ષનો માર્ગ પ્રશસ્ત કર્યો. આ મહામંત્રમાં 'નમો' શબ્દનો અર્થ સંપૂર્ણ સમર્પણ છે, જે સાધકને પોતાના ભીતરના અહંકારનો પરિત્યાગ કરી આત્મશુદ્ધિની દિશામાં અગ્રસર કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે જ્યારે વ્યક્તિ નમન કરે છે, ત્યારથી જ તેના અહંકારના ઓગળવાની શરૂઆત થઈ જાય છે. તેમણે કહ્યું કે 'અરિહંત' તે હોય છે જે 'અરિ' અર્થાત્ આંતરિક શત્રુઓનો 'હંત' (નાશ) કરે છે. આ શત્રુઓ શરીર, મન, ભાવ, સ્વભાવ અને પ્રકૃતિમાં નિહિત તે વિકારો છે, જે મોક્ષની પ્રાપ્તિમાં બાધક બને છે. જે સાધક આ આંતરિકશત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી લે છે, તે જ અરિહંત કહેવાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ, ક્રોધ, માન, માયા અને લોભ પર પૂર્ણ વિજય અને જૈન શાસ્ત્રોમાં વર્ણવેલ ૧૨ દિવ્ય ગુણોથી પરિપૂર્ણ વ્યક્તિને 'અરિહંત' માનવામાં આવ્યા છે, અને આપણે એવા અરિહંતોને નમન કરીએ છીએ. તેમણે કહ્યું કે અહીં 'સિદ્ધો' ને પણ નમન કરવામાં આવ્યા છે. જે આત્મા પૂર્ણ રૂપે મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી લે છે, તેને સિદ્ધ કહેવામાં આવે છે. જેમણે આઠ કર્મોનો ક્ષય કરી જન્મ-મૃત્યુના ચક્રથી ઉપર ઉઠીને આઠ શુદ્ધ ગુણો પ્રાપ્ત કર્યા છે, તેઓ સિદ્ધ કહેવાય છે. આપણે એવા અસંખ્ય સિદ્ધોને નમન કરતા તેમની પાસે આશીર્વાદની કામના કરીએ છીએ. શ્રી અમિત શાહે કહ્યું કે અહીં આચાર્યોને પણ નમન કરવામાં આવે છે, જે સંઘના પ્રમુખ હોય છે. અનુશાસનની સ્થાપના, મહાવ્રતોનું પાલન તથા સમસ્ત સાધકોને માર્ગદર્શન પૂરું પાડવું એ આચાર્યની મુખ્ય જવાબદારી હોય છે. જેના આચરણનું અનુસરણ કરી મુક્તિનો માર્ગ પ્રાપ્ત થાય, તે જ આચાર્ય કહેવાય છે. જૈન શાસ્ત્રો અનુસાર ૩૬ ગુણોથી યુક્ત વ્યક્તિને આચાર્ય પદની પ્રાપ્તિ થાય છે. એ જ રીતે ઉપાધ્યાયો, એટલે કે શિક્ષક સંતોને પણ નમન કરવામાં આવે છે. તેમનું દાયિત્વ શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરવો તથા તેમના જ્ઞાનનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવાનું હોય છે. નિર્ધારિત ૨૫ ગુણોની સિદ્ધિ બાદ જ તેઓ ઉપાધ્યાય પદ પ્રાપ્ત કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે સાધુ, તપસ્વી અને સાધક તે હોય છે, જે સંયમ, ત્યાગ, મહાવ્રત અને તપનું પાલન કરતા ક્રમશઃ પોતાની અંદર ૨૭ ગુણોનો વિકાસ કરે છે; એવા ગુણોથી યુક્ત વ્યક્તિને સાધુ કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે આ મંત્ર પાંચ પરમેષ્ઠીઓને નમન કરવાનું પ્રતીક છે. તેના મૂળ ભાવ અનુસાર આ પાંચ પરમેષ્ઠીઓને બે મુખ્ય શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યા છે. પહેલી શ્રેણી 'દેવ' ની છે, જેમાં તે મહાપુરુષો આવે છે જે સામાન્ય માનવથી ઉપર ઉઠીને અરિહંત અને સિદ્ધની અવસ્થા પ્રાપ્ત કરી ચૂક્યા છે. બીજી શ્રેણી 'ગુરુ' ની છે, જેમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ બંને શ્રેણીઓના તમામ પાંચેય પ્રકારના મહાન વ્યક્તિત્વોને નમન કરી તેમના ગુણોને આત્મસાત કરવાની તથા તેમની પાસેથી આશીર્વાદ પ્રાપ્ત કરવાની ભાવના જ નવકાર મંત્રનો મૂળ સિદ્ધાંત છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે આપણે ૧૦૮ ગુણોને સામૂહિક રીતે નમન કરીએ છીએ, જે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમાં નિહિત હોય છે. આ તમામના ગુણોને એકસાથે સ્મરણ અને વંદન કરવાનો પ્રયાસ અત્યંત અલ્પ સમયમાં કરવામાં આવે છે. તેમણે યુવાનોને આગ્રહ કર્યો કે ભલે આ મંત્રનો ગૂઢ અર્થ તેમને તરત જ સંપૂર્ણપણે ન સમજાય—જેની ઊંડાઈને કોઈ આચાર્ય, મુનિ કે વિદ્વાન સંતના માર્ગદર્શનમાં જ સારી રીતે સમજી શકાય છે—છતાં તેનો અભ્યાસ ક્યારેય ન છોડવો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે નવકાર મંત્રની પરંપરા હજારો વર્ષોથી ચાલી આવે છે, જેમાં ૨૪ તીર્થંકરો અને તેમના અનુયાયીઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. પ્રારંભમાં આ મંત્ર મૌખિક રીતે પેઢી દર પેઢી આગળ વધતો રહ્યો, ત્યારબાદ શિલાલેખોના માધ્યમથી અને પછીથી વિવિધ ગ્રંથોમાં તેને સ્થાન પ્રાપ્ત થયું. તેમણે કહ્યું કે આ મંત્રના સંરક્ષણ અને પ્રસાર માટે સમાજના વિવિધ વર્ગો દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પ્રશંસનીય છે. આ પ્રયાસ આવનારી પેઢીઓના જીવનને દિવ્યતા અને સકારાત્મક દિશા પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું કે આજે જ્યારે વિશ્વને શાંતિની જરૂર છે, એવામાં નવકાર મંત્રનું સામૂહિક ઉચ્ચારણ વાતાવરણની શુદ્ધિની સાથે-સાથે મનના વિકારોને શાંત કરવામાં પણ મદદરૂપ થશે. તેનાથી પરસ્પર સમજણ, સૌહાર્દ અને એકબીજા પ્રત્યે સંવેદનશીલતાને પણ બળ મળશે.

## ૧૬ વર્ષ પછી ગુજરાત પોલીસ ડોગ 'ચેક' રાષ્ટ્રીય પોલીસ ડ્યુટી મીટમાં ગોલ્ડ મેડલ જીત્યો

કમલમ્,ગાંધીનગર

ગુજરાત પોલીસનાં 'ચેક' નામના નર ડૉગે રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યુ છે. તાજેતરમાં મહારાષ્ટ્રનાં નાગપુર ખાતે યોજાયેલી ૬૯મી ઑલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ ચેમ્પિયનશિપ ૨૦૨૫–૨૬માં બે અલગ-અલગ કેટેગરીમાં ગુજરાત પોલીસનાં ચેક ડોગે ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા અને રાજ્ય પોલીસને ગૌરવ અપાવ્યું હતું. માર્ચ–એપ્રિલ ૨૦૨૬ દરમિયાન નાગપુરમાં યોજાયેલી આ ૬૯મી આવૃત્તિમાં દેશભરના પોલીસ K9 સ્ક્વોડ, ફોરેન્સિક નિષ્ણાતો અને પોલીસ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિસ્ફોટક અને નાર્કોટિક્સ શોધ, ટ્રેકિંગ, એજિલિટી અને ઓબીડિયન્સ જેવી ક્ષમતાઓ ચકાસવામાં આવી હતી. ગુજરાત પોલીસ માટે આ ગૌરવની ક્ષણ હતી, કારણ કે રાજ્યના પોલીસ ડોગે ૧૬ વર્ષના અંતર પછી રાષ્ટ્રીય સ્તરની પોલીસ ડ્યુટી મીટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આજે રાજ્યના પોલીસ વડા (DGP) શ્રી કેએલએન રાવે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં પોલીસ ડોગ 'ચેક', તેના હેન્ડલર રમેશ ખાંટ અને પોલીસ ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડને મળી આ નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત પોલીસના કુલ છ ડોગે ત્રણ અલગ-અલગ સ્પર્ધાત્મક કેટેગરીમાં ભાગ લીધો હતો, જેમાં દરેક કેટેગરી—ટ્રેકિંગ, વિસ્ફોટક શોધ અને નાર્કોટિક્સ શોધ—માં બે ડોગ સ્પર્ધા માટે ઉતર્યા હતા. "ગુજરાત પોલીસનો 'ચેક' ડોગ ટ્રેકિંગ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો અને ઓવરઓલ ટ્રેકિંગ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો. આ સિદ્ધિ મેળવવા માટે અમે ભારે મહેનત કરી છે," એમ ગુજરાત પોલીસના ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ ચંદનસિંહ રાઠોડએ જણાવ્યું હતું. ટ્રેકિંગ કેટેગરીમાં વિવિધ રાજ્ય પોલીસ દળો અને પેરામિલિટરી યુનિટ્સના કુલ ૪૫ ડોગ્સે ભાગ લીધો હતો, જેમાં ગુજરાત પોલીસના ડોગ 'ચેક'એ બાજી મારી હતી અને ગોલ્ડ જીત્યો હતો. આ સમગ્ર ઈવેન્ટમાં વિવિધ રાજ્ય પોલીસ અને પેરામિલિટરી દળોના ૨૦૦થી વધુ ડોગ્સે વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. આ રાષ્ટ્રીય સ્પર્ધા પહેલાં ગુજરાત પોલીસએ વહેલી તકે તૈયારી શરૂ કરી હતી અને મેડલ મેળવવા માટે સતત પ્રયત્નો કર્યા હતા. રાષ્ટ્રીય સ્પર્ધાની તૈયારી માટે થોડા મહિના પહેલાં ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ટ્રેનિંગ) ડૉ. નીરજા ગોટરુની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સ્તરની પોલીસ ડોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પસંદ કરાયેલા ડોગને વિશેષ તાલીમ આપવામાં આવી, તેમને કડક ટ્રેનિંગ શેડ્યૂલ હેઠળ રાખવામાં આવ્યા અને યોગ્ય સંભાળ આપવામાં આવી હતી. કુલ નવ ડોગ્સને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે પસંદ કરવામાં આવ્યા હતા, જેમાંથી છએ વિવિધ ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આશરે ૧૬૦ પોલીસ ડોગ્સ કાર્યરત છે, જે વિસ્ફોટક શોધ, નાર્કોટિક્સ શોધ, ગુનાની તપાસ માટે ટ્રેકિંગ, અને દારૂ શોધ સહિત વિવિધ કામગીરી માટે પ્રશિક્ષિત છે.

# જમ્મુ અને કાશ્મીરના યુવા પ્રતિનિધિમંડળે ઉપરાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

## 'વતન કો જાનો' પહેલ રાષ્ટ્રીય એકતાને મજબૂત કરી રહી છે: ઉપરાષ્ટ્રપતિ







**શિક્ષણ અને સામાજિક પરિવર્તનનું નેતૃત્વ કરતી મહિલાઓ જમ્મુ અને કાશ્મીરમાં પરિવર્તનનું પ્રતિબિંબ પાડે છે: ઉપરાષ્ટ્રપતિ**

કમલમ્,

ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત 'વતન કો જાનો' કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા જમ્મુ અને કાશ્મીરના ૨૫૦ સભ્યોના યુવા પ્રતિનિધિમંડળે આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણનની મુલાકાત લીધી હતી.

'વતન કો જાનો' કાર્યક્રમ એ ગૃહ મંત્રાલય અને જમ્મુ અને કાશ્મીર સરકારની એક પહેલ છે, જેનો ઉદ્દેશ્ય જમ્મુ અને કાશ્મીરના યુવાનોને ભારતના વિવિધ ભાગો જોવાની તક આપીને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવાનો છે. પ્રતિનિધિમંડળને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ જમ્મુ અને કાશ્મીરના આવા જીવંત, પ્રતિભાશાળી અને મક્કમ યુવા મન સાથે વાતચીત કરીને ખુશ છે.

કાશ્મીર યુનિવર્સિટીના પદવીદાન સમારોહ માટે ગયા મહિને શ્રીનગરની તેમની મુલાકાતને યાદ કરતા, તેમણે જમ્મુ અને કાશ્મીરમાં મહિલાઓના વિકાસ અને સશક્તિકરણમાં થયેલી નોંધપાત્ર પ્રગતિ વિશે વાત કરી હતી. ઉપરાષ્ટ્રપતિએ જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ ટીમ દ્વારા પ્રથમ વખત રણજી ટ્રોફી જીતવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે શિક્ષણમાં મહિલાઓનું નેતૃત્વ અને યુવા ક્રિકેટરો દ્વારા રમતગમતની આવી સિદ્ધિઓ સાથે મળીને તે પ્રગતિશીલ દિશાને પ્રતિબિંબિત કરે છે જેમાં જમ્મુ અને કાશ્મીરના યુવાનો ભવિષ્યને આકાર આપી રહ્યા છે. 'વતન કો જાનો' કાર્યક્રમ માટે ગૃહ મંત્રાલયની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે આવી પહેલો માત્ર યુવાનોને સહિયારી રાષ્ટ્રીય ઓળખના વિચાર સાથે જોડવામાં મદદ કરતી નથી, પરંતુ આત્મવિશ્વાસ, જાગૃતિ અને આકાંક્ષા પણ કેળવે છે અને સાથે જ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની ભાવનાને પોષે છે.

જમ્મુ અને કાશ્મીરને અસાધારણ કુદરતી સૌંદર્ય અને સમૃદ્ધ સંસ્કૃતિની ભૂમિ ગણાવતા તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર એક મુખ્ય વૈશ્વિક પ્રવાસી સ્થળ બનવાની ક્ષમતા ધરાવે છે.

તેમણે ઉમેર્યું હતું કે શિક્ષણ, ટેકનોલોજી, પ્રવાસન અને સાહસિકતામાં તકો વધી રહી છે, તેથી દરેક યુવા વ્યક્તિ શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને સર્વસમાવેશક ભવિષ્યના નિર્માતા બનવાની ક્ષમતા ધરાવે છે. તેમણે તેમને તેમની ક્ષમતાઓમાં વિશ્વાસ રાખવા, તેમના મૂળ સાથે જોડાયેલા રહેવા અને જમ્મુ અને કાશ્મીરને રાષ્ટ્ર માટે સુમેળ, વિકાસ અને પ્રેરણાનું પ્રતીક બનાવવા માટે સામૂહિક રીતે કામ કરવા વિનંતી કરી હતી. ઉપરાષ્ટ્રપતિએ આનંદ વ્યક્ત કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસીસ, IIT અને IIM પ્રવેશ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે.

તેમણે વિદ્યાર્થીઓને ડ્રગ્સ (નશીલા પદાર્થો) થી દૂર રહેવા અને તેમના સાથીદારોને પણ આવું કરવા પ્રોત્સાહિત કરવા વિનંતી કરી હતી, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વસ્થ યુવા એ મજબૂત અને પ્રગતિશીલ રાષ્ટ્રનો પાયો છે.

પોતાની શુભેચ્છાઓ પાઠવતા, તેમણે યુવા સહભાગીઓને ગૌરવ સાથે ઊભા રહેવા, પોતાનામાં વિશ્વાસ રાખવા અને વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા બદલ ગર્વ અનુભવવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે વિકસિત ભારત ત્યારે જ પ્રાપ્ત કરી શકાય જ્યારે દરેક રાજ્ય વિકસિત બને. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિનિધિમંડળને સંબોધતા તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં જમ્મુ અને કાશ્મીરના વિકાસલક્ષી પરિવર્તનને યાદ કર્યું હતું. તેમણે વધુમાં નોંધ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના યુવાનોની આકાંક્ષાઓ વધી છે અને ઘણા લોકો વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે.

# મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના મહત્તમ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે ૮મા પોષણ પખવાડિયાનો પ્રારંભ

**કેન્દ્રીય મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ મગજના વિકાસ, શારીરિક વૃદ્ધિ અને સર્વાંગી સુખાકારી માટે પ્રથમ ૧,૦૦૦ દિવસની નિર્ણાયકતા પર ભાર મૂક્યો**







## પોષણ માહ અને પોષણ પખવાડિયાએ સાચા જન આંદોલનનું સ્વરૂપ લીધું છે, જેમાં દેશભરમાં કરોડો પ્રવૃત્તિઓ થઈ રહી છેઃ શ્રીમતી અન્નપૂર્ણા દેવી

કમલમ્,

૨૦૧૮ માં પોષણ અભિયાનની શરૂઆત થઈ ત્યારથી, જન આંદોલન હેઠળના સતત પ્રયાસોને કારણે દેશભરમાં ૧૫૦ કરોડથી વધુ જનજાગૃતિ પ્રવૃત્તિઓ અને ૯.૮ કરોડથી વધુ સમુદાય-આધારિત કાર્યક્રમો થયા છે. આ ગતિને આગળ વધારતા, પોષણ પખવાડિયા ૨૦૨૬ નો ઉદ્દેશ્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ વધું સારા પોષણ, પ્રારંભિક બાળપણના વિકાસ અને બાળકો માટે સારા પરિણામો તરફ જાગૃતિ અને સામૂહિક કાર્યવાહીને વધુ મજબૂત કરવાનો છે. આ રાષ્ટ્રીય ચળવળના સાતત્યમાં, મહિલા અને બાળવિકાસ મંત્રાલયે આજે (૯ એપ્રિલ, ૨૦૨૬) વિજ્ઞાન ભવન ખાતે પોષણ પખવાડિયાની ૮મી આવૃત્તિ લોન્ચ કરી, જે ૯ એપ્રિલ થી ૨૩ એપ્રિલ, ૨૦૨૬ સુધીના દેશવ્યાપી અભિયાનની શરૂઆત દર્શાવે છે. લોન્ચિંગ ઈવેન્ટમાં મહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના રાજ્ય મંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુર અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવ શ્રી અનિલ મલિકની ગરિમામય હાજરી સાથે ભાગીદાર મંત્રાલયોના પ્રતિનિધિઓ અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા. પોષણ પખવાડિયા ૨૦૨૬ ની થીમ "જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના વિકાસને મહત્તમ બનાવવો" છે, એ સ્વીકારીને કે પ્રારંભિક બાળપણ, ખાસ કરીને પ્રથમ ૧,૦૦૦ દિવસ મગજના વિકાસ, શારીરિક વૃદ્ધિ અને સર્વાંગી સુખાકારી માટે નિર્ણાયક છે. વૈજ્ઞાનિક પુરાવા સૂચવે છે કે ૬ વર્ષની ઉંમર સુધીમાં ૮૫%થી વધુ મગજનો વિકાસ થઈ જાય છે, જે શ્રેષ્ઠ પોષણ, પ્રતિભાવશીલ સંભાળ અને પ્રારંભિક શિક્ષણના મહત્વ પર ભાર મૂકે છે. સભાને સંબોધતા કેન્દ્રીય મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "પોષણ માહ અને પોષણ પખવાડિયાએ સાચા જન આંદોલનનું સ્વરૂપ લીધું છે, જેમાં દેશભરમાં કરોડો પ્રવૃત્તિઓ થઈ રહી છે. આપણા આંગણવાડી કાર્યકરો, આંગણવાડી મદદનીશો અને આશા દીદીઓ પ્રધાનમંત્રીના વિઝન અને લક્ષ્યોને દરેક ઘર સુધી પહોંચાડવા માટે સામૂહિક પ્રયાસો સાથે ખંતપૂર્વક કાર્ય કરી રહ્યા છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો જનાદેશ વ્યાપક છે, અને અમે દેશના દરેક ઘર અને દરેક બાળક સુધી પહોંચી રહ્યા છીએ. આજે, ૧૪ લાખથી વધુ આંગણવાડી કેન્દ્રો સાથે, આપણી આંગણવાડી દીદીઓ સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને બાળકો સુધી પહોંચી રહી છે, પછી ભલે વરસાદ હોય કે તડકો, અને અંદાજે ૮.૯ કરોડ લાભાર્થીઓની સેવા કરી રહી છે." તેમણે ઉમેર્યું કે, "આપણા બાળકો રાષ્ટ્રનું ભવિષ્ય છે અને વિકસિત ભારતના સંકલ્પને આગળ ધપાવશે. તેમને બહેતર પોષણ મળે તે સુનિશ્ચિત કરવું એ એક જવાબદારી છે જે આપણે સૌએ જન આંદોલન તરીકે સાથે મળીને આગળ વધારવી જોઈએ," તેમણે રાજ્યોને એકબીજા પાસેથી શીખવા, શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવા અને અનુકૂલિત કરવા અને જિલ્લાઓમાં, ખાસ કરીને આકાંક્ષી જિલ્લાઓમાં મજબૂત પ્રદર્શનને પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે પોષણ એ એક સતત પ્રક્રિયા છે અને બાળકોના સર્વાંગી અને માનસિક વિકાસને ટેકો આપવા માટે વધુ સમય, સંભાળ અને સામુદાયિક ભાગીદારી માટે આહ્વાન કર્યું હતું. રાજ્ય મંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુરે સભાને સંબોધતા કહ્યું કે, 'પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૧૮ થી અત્યાર સુધી ૮ પોષણ માહ અને ૭ પોષણ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દેશમાં પોષણના પરિણામો સુધારવા માટે સરકારની પ્રતિબદ્ધતા અને સમર્પણને પ્રતિબિંબિત કરે છે.' પોષણ પખવાડિયા ૨૦૨૬ ની થીમ, "જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના વિકાસને મહત્તમ બનાવવો" પર પ્રકાશ પાડતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સમયગાળો નિર્ણાયક છે, કારણ કે ૮૫ ટકાથી વધુ મગજનો વિકાસ શરૂઆતના વર્ષોમાં થાય છે, જેમાં પ્રથમ ૧,૦૦૦ દિવસ ખાસ મહત્વના છે. તેમણે નોંધ્યું હતું કે માત્ર પોષણથી આગળ વધવાની અને બાળકના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા માટે પ્રતિભાવશીલ સંભાળ અને પ્રારંભિક શિક્ષણ પર સમાન રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવ શ્રી અનિલ મલિકે 'પોષણ' અથવા ન્યુટ્રિશનના નિર્ણાયક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. માહિતગાર આહાર પદ્ધતિઓની જરૂરિયાત પર ભાર મૂકતા, તેમણે યાદ કર્યું કે માનનીય પ્રધાનમંત્રીએ વારંવાર તંદુરસ્ત ભોજન આદતોના મહત્વ પર ભાર મૂક્યો છે, જેમાં તેલનો વપરાશ ઘટાડવો અને પૌષ્ટિક ખોરાક પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમાવેશ થાય છે. લોન્ચિંગ ઈવેન્ટ દરમિયાન, પ્રારંભિક બાળપણની સંભાળ અને વિકાસને હાઈલાઈટ કરતી મુખ્ય પહેલો પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં વિદ્યારંભ પ્રમાણપત્રોનું વિતરણ અને આંગણવાડી કાર્યકરના જીવનના એક દિવસને દર્શાવતી ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મનું સ્ક્રીનિંગ સામેલ હતું, જે આંગણવાડી કેન્દ્રો પર સેવા વિતરણ અને પ્રારંભિક બાળપણના ટેકાને પ્રદર્શિત કરે છે. જોઈન્ટ સેક્રેટરી શ્રીમતી રાધિકા ઝાએ આભારવિધિ કરી હતી, જેમાં તમામ મહાનુભાવો અને હિતધારકોનો આભાર માન્યો હતો અને આંગણવાડી સેવાઓના ફિલ્ડ ફંક્શનરીઝની વિશેષ પ્રશંસા કરી હતી, અને નોંધ્યું હતું કે તેમના અથાક પ્રયાસો દ્વારા જ વિકસિત ભારતનું વિઝન સાકાર થઈ રહ્યું છે. પોષણ પખવાડિયા ૨૦૨૬ (૯ એપ્રિલ થી ૨૩ એપ્રિલ ૨૦૨૬) મિશન પોષણ ૨.૦ હેઠળ પોષણ જાગૃતિને પ્રોત્સાહન આપવા, પ્રારંભિક બાળપણની સંભાળ અને વિકાસમાં સુધારો કરવા અને સામુદાયિક ભાગીદારીને મજબૂત કરવાના હેતુથી દેશવ્યાપી અભિયાન તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. ઉદ્ઘાટન દિવસે, આ કાર્યક્રમનું દ્વૈઝ વેબકાસ્ટ પ્લેટફોર્મ (https://webcast.gov.in/mwcd) અને મંત્રાલયની યુટ્યુબ ચેનલ દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેણે દેશભરના ૪.૨ લાખથી વધુ હિતધારકો, ફિલ્ડ ફંક્શનરીઝ અને નાગરિકોને સહભાગી થવા માટે સક્ષમ બનાવ્યા હતા. ભારત સરકારના તમામ મંત્રાલયો અને વિભાગો, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના સંકલન સાથે, દેશભરના આંગણવાડી કેન્દ્રો સાથે મળીને, આ વર્ષની થીમ હેઠળના મુખ્ય ક્ષેત્રો પર સમુદાયોને સંવેદનશીલ બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યા છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- માતા અને બાળ પોષણ – ગર્ભાવસ્થા દરમિયાન શ્રેષ્ઠ પોષણ, માત્ર સ્તનપાન અને ઉંમર-યોગ્ય પૂરક આહારને પ્રોત્સાહન આપવું.
- મગજના વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજના (૦–૩ વર્ષ) – પ્રતિભાવશીલ સંભાળ અને પ્રારંભિક શિક્ષણના આદાનપ્રદાનને પ્રોત્સાહિત કરવું.
- શરૂઆતના વર્ષોમાં રમત-આધારિત શિક્ષણ (૩–૬ વર્ષ) – સર્વાંગી વિકાસ અને શાળા માટેની સજ્જતાને ટેકો આપવો.
- સ્ક્રીન ટાઈમ ઘટાડવામાં વાલીઓ અને સમુદાયની ભૂમિકા – તંદુરસ્ત ટેવો અને સક્રિય જોડાણને પ્રોત્સાહન આપવું.
- સમુદાય ભાગીદારી દ્વારા આંગણવાડી કેન્દ્રોનું સુદ્રઢીકરણ – જન ભાગીદારી અને CSR દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવા વિતરણમાં વધારો કરવો.

પખવાડિયા દરમિયાન, દેશભરમાં આંગણવાડી કેન્દ્રો જાગૃતિ સત્રોનું આયોજન કરી રહ્યા છે, ગૃહ મુલાકાત (Home Visits) લઈ રહ્યા છે, પોષણ મેળાનું આયોજન કરી રહ્યા છે, માતૃ પોષણ અને શિશુ આહાર પર કાઉન્સેલિંગ આપી રહ્યા છે, રમત-આધારિત શિક્ષણનું પ્રદર્શન કરી રહ્યા છે અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહિત કરવા અને સ્ક્રીન ટાઈમ મર્યાદિત કરવા માટે સામુદાયિક પ્રવૃત્તિઓ અમલમાં મૂકી રહ્યા છે. આ અભિયાન આંગણવાડી કાર્યકરો, આશા (ASHAs), ANMs, સ્વ-સહાય જૂથો, શિક્ષકો, પંચાયતી રાજ સંસ્થાઓ અને સમુદાયોને એકત્રિત કરે છે, જે જન આંદોલનના અભિગમને મજબૂત બનાવે છે અને વધુ સારા પોષણ અને બાળ વિકાસના પરિણામો તરફ સામૂહિક કાર્યવાહીને પ્રોત્સાહિત કરે છે. પોષણ પખવાડિયું સામુદાયિક ભાગીદારી અને વર્તણૂક પરિવર્તન માટેના પ્લેટફોર્મ તરીકે સેવા આપવાનું ચાલુ રાખે છે, જે સુનિશ્ચિત કરે છે કે દરેક બાળકને જીવનના સૌથી નિર્ણાયક વર્ષો દરમિયાન યોગ્ય પોષણ, સંભાળ અને પ્રારંભિક શિક્ષણની તકો મળે.

## દૂરદર્શન (પ્રસાર ભારતી) એ ભારતીય સાંસ્કૃતિક સામગ્રીની વૈશ્વિક પહોંચ વિસ્તારવા માટે ICCR સાથે MoU પર હસ્તાક્ષર કર્યા

**સાંસ્કૃતિક સામગ્રીના મલ્ટિ-પ્લેટફોર્મ પ્રસારને સક્ષમ કરવા માટે ભાગીદારી; વૈશ્વિક આઉટરીચ અને ડિજિટલ વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું**



કમલમ્,

ભારતની સાંસ્કૃતિક રાજદ્વારી અને વૈશ્વિક પહોંચને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, દૂરદર્શન (પ્રસાર ભારતી) એ ૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીના દૂરદર્શન ભવન ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) સાથે સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા. આ રેં પર દૂરદર્શનના ડાયરેક્ટર જનરલ શ્રી કે. સતીશ નંબુદિરીપાદ અને ICCR ના ડાયરેક્ટર જનરલ શ્રીમતી કે. નંદિની સિંગલા દ્વારા બંને સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, અને તેમાં દૂરદર્શન (પ્રસાર ભારતી) અને ICCR ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ભાગીદારી ICCR દ્વારા પૂરી પાડવામાં આવતી સાંસ્કૃતિક સામગ્રીની પહોંચ વધારવા માટે દૂરદર્શન (પ્રસાર ભારતી) ની વિસ્તૃત ટેલિવિઝન, રેડિયો અને ડિજિટલ ઈકોસિસ્ટમનો લાભ લેવા માંગે છે. આમાં વિદેશમાં આવેલા ભારતીય મિશન જેમ કે એમ્બેસી (દૂતાવાસ), કોન્સ્યુલેટ અને ભારતીય સાંસ્કૃતિક કેન્દ્રો દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ICCR મુખ્યાલય અને ભારતભરની તેની ઝોનલ અને પ્રાદેશિક કચેરીઓ દ્વારા સંચાલિત કાર્યક્રમોનો સમાવેશ થાય છે. MoU હેઠળ, ICCR સાંસ્કૃતિક સામગ્રી અને પ્રદર્શન પ્રદાન કરશે, જ્યારે દૂરદર્શન (પ્રસાર ભારતી) ટેલિવિઝન ચેનલો, રેડિયો નેટવર્ક, OTT પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા સહિતના વિવિધ પ્લેટફોર્મ પર તેમનું કવરેજ અને પ્રસાર કરશે. આ વ્યવસ્થા વિદેશમાં આવેલા ભારતીય મિશન પાસેથી પ્રાપ્ત રેકોર્ડ કરેલી સાંસ્કૃતિક સામગ્રીના પ્રસારણને પણ સરળ બનાવે છે, જેથી વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં ભારતની સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ સુધી વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરી શકાય. આ કરારનું એક મુખ્ય લક્ષણ ડિજિટલ અધિકારો સહિત કાયમી ધોરણે સામગ્રીના અધિકારોની સંયુક્ત માલિકીની જોગવાઈ છે, જે બંને સંસ્થાઓને લાંબા ગાળાના ઉપયોગ માટે સામગ્રીને આર્કાઈવ અને પ્રસારિત કરવા સક્ષમ બનાવે છે. દૂરદર્શન (પ્રસાર ભારતી) પ્રેક્ષકોની ભાગીદારી વધારવા માટે શક્ય હોય ત્યાં કાર્યક્રમ પૂર્વેની પબ્લિસિટી અને ક્રોસ-પ્લેટફોર્મ પ્રમોશન પણ હાથ ધરશે. વધુમાં MoU દૂરદર્શન (પ્રસાર ભારતી) ને આ સહયોગ હેઠળ જનરેટ થયેલી સામગ્રીમાંથી ઉદ્ભવતી મુદ્રીકરણની તકો શોધવા માટે સક્ષમ બનાવે છે, જે સાંસ્કૃતિક પ્રસારણ પહેલોની ટકાઉપણામાં ફાળો આપે છે. આ કરાર ત્રણ વર્ષના સમયગાળા માટે અમલમાં રહેશે, જેમાં પરસ્પર સંમતિ દ્વારા વિસ્તરણની જોગવાઈઓ છે. આ સહયોગથી ભારતની સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતની વિઝિબિલિટી (દૃશ્યતા) અને સુલભતામાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે, જ્યારે સાંસ્કૃતિક પ્રમોશનના પ્રયાસોને સમકાલીન મીડિયા પ્લેટફોર્મ અને વૈશ્વિક પ્રેક્ષકો સાથે સુસંગત બનાવવામાં આવશે.

## વારાણસીમાં રાષ્ટ્રીય સમીક્ષા પરિષદ માટે 'સહકાર સે સમૃદ્ધિ' વિઝન માર્ગદર્શક બન્યું

**અમૂલ અને સારસ્વત કોઓપરેટિવ બેંકના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા પેદા થયેલી મજબૂત ગતિ પર આગળ વધતા, સહકારિતા સચિવે સહકારી ક્ષેત્રના પુનરુત્થાન અને નવી મજબૂતી માટે સુધારાના આગામી તબક્કાનું આહ્વાન કર્યું**

કમલમ્,

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "સહકાર સે સમૃદ્ધિ" (સહકાર દ્વારા સમૃદ્ધિ) ના વિઝન દ્વારા માર્ગદર્શિત અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ, સહકારિતા મંત્રાલય સર્વસમાવેશક વિકાસ અને ગ્રામીણ વિકાસના મુખ્ય સ્તંભ તરીકે સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે પરિવર્તનકારી એજન્ડાને સતત આગળ વધારી રહ્યું છે. આ દિશામાં, ઉત્તર પ્રદેશના વારાણસીમાં ૯-૧૦ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન બે દિવસીય 'સહકાર સે સમૃદ્ધિ' રાષ્ટ્રીય સમીક્ષા પરિષદ યોજાઈ રહી છે, જે પ્રગતિની સમીક્ષા કરવા અને ફ્લેગશિપ પહેલોના અમલીકરણને વેગ આપવા માટે કેન્દ્ર, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને અગ્રણી સહકારી સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓને એકસાથે લાવે છે. ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરતા, ભારત સરકારના સહકારિતા મંત્રાલયના સચિવ ડૉ. આશિષ કુમાર ભૂતાનીએ જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૪ થી દેશભરમાં યોજાયેલી રાષ્ટ્રીય વર્કશોપની શ્રેણીમાં આ સાતમી વર્કશોપ છે, જે હિતધારકો વચ્ચે સંકલન, પરિચિતતા અને જ્ઞાનની વહેંચણી (shared learning) ઊભી કરવાના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. તેમણે નોંધ્યું હતું કે આ જોડાણોએ સહયોગ માટે એક મજબૂત પ્લેટફોર્મ તૈયાર કર્યું છે, અને હવે અમલીકરણ તરફ નિર્ણાયક રીતે આગળ વધવાનો સમય આવી ગયો છે. ડૉ. ભૂતાનીએ કહ્યું કે અમે પાછલી વર્કશોપમાં વ્યાપક વિચાર-વિમર્શ કર્યો છે. હવે આ પહેલોને સ્પષ્ટ, સમયબદ્ધ અમલીકરણ યોજનાઓ સાથે જિલ્લા સ્તરે ભૂતળ પર ઉતારવાનો સમય આવી ગયો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તમામ પહેલોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હોવા છતાં, પ્રદર્શનમાં રહેલી ખામીઓનું પુનઃમૂલ્યાંકન કરવાની, રાજ્યો સાથે સંકલન મજબૂત કરવાની અને લક્ષ્યાંકો જમીન પર મૂર્ત પરિણામોમાં ફેરવાય તે સુનિશ્ચિત કરવાની જરૂર છે. બે લાખ PACS ના લક્ષ્યાંકનો ઉલ્લેખ કરતા, ડૉ. ભૂતાનીએ કહ્યું કે જે ગતિથી આ પહેલ શરૂ કરવામાં આવી હતી તે જ ગતિ આપણે જાળવી રાખવાની છે. તેમણે પ્રગતિને વેગ આપવા અને ઈચ્છિત સ્કેલ પ્રાપ્ત કરવા માટે હિતધારકો વચ્ચે નવેસરથી પ્રયાસો અને સંકલન (convergence) કરવા આહ્વાન કર્યું હતું. PACS કોમ્પ્યુટરાઈઝેશન પર, કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના સચિવે સ્વીકાર્યું કે છેલ્લા ૬-૯ મહિનામાં નોંધપાત્ર હિલચાલ થઈ છે, અને રાજ્યોના પ્રયત્નોની પ્રશંસા કરી. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે મુખ્ય પડકાર એ સુનિશ્ચિત કરવામાં રહેલો છે કે આ પ્રગતિ માર્ચ ૨૦૨૭ માં પૂરી થતી યોજનાના સમયગાળા પછી પણ ટકાઉ બને, અને રાજ્યોને તેના ફાયદાઓને આત્મસાત કરવા અને સુધારા ચાલુ રાખવા વિનંતી કરી. તેમણે વધુમાં કહ્યું કે આપણે જે ગતિ પ્રાપ્ત કરી છે તેને ટકાઉ વ્યવસ્થામાં પરિવર્તિત કરવી આવશ્યક છે. રાજ્યોએ કોમ્પ્યુટરાઈઝેશનનું લાંબાગાળાનું મૂલ્ય ઓળખવું જોઈએ અને તેને યોજનાના સમયગાળા પછી પણ આગળ ધપાવવું જોઈએ. સહકારી બેંકિંગ સુધારાઓના મહત્વ પર પ્રકાશ પાડતા, ડૉ. ભૂતાનીએ રાજ્યોને લોન મંજૂર કરવામાં ઝડપ લાવવા અને વર્તમાન નાણાકીય ચક્રમાં ભંડોળનો અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરવા હાકલ કરી હતી. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે સહકારી સંસ્થાઓને મજબૂત કરવા માટે સંકલિત કાર્યવાહી, સમયસર નિર્ણય લેવા અને સતત પ્રતિબદ્ધતાની જરૂર છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં પ્રગતિ અપેક્ષા કરતા ધીમી રહી છે. પ્રથમ દિવસના સત્રો દરમિયાન, પરિષદે મંત્રાલયની મુખ્ય ફ્લેગશિપ પહેલો પર વ્યાપક વિચાર-વિમર્શ કર્યો હતો. ઉદ્ઘાટનસત્ર પછી, પ્રથમ સમીક્ષા સત્ર PACS અને ARDBs ના કોમ્પ્યુટરાઈઝેશન પર કેન્દ્રિત હતું, જેમાં ગુણવત્તા મોનિટરિંગ, પ્રોગ્રેસ ટ્રેકિંગ, એગ્રી સ્ટેક (Agri Stack), KCC અને ખાતર પ્રણાલી જેવા રાષ્ટ્રીય પ્લેટફોર્મ સાથે એકીકરણ અને સહકારી બેંકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાણ મજબૂત કરવા જેવા પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા. ત્યારપછીના સત્રમાં સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં FCI, WDRA, CWC, NABARD, NAFED અને NCCF સહિતની મુખ્ય અમલીકરણ એજન્સીઓ દ્વારા વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યા હતા. ચર્ચાઓમાં સાઈટ પસંદગી, સંગ્રહ ક્ષમતા આયોજન, ધિરાણ, eNWR-આધારિત પ્રણાલીઓ અને અમલીકરણ માટેની સમયરેખા, તેમજ સંગ્રહ ઈકોસિસ્ટમમાં સહકારી ભાગીદારી વધારવા માટેની વ્યૂહરચનાઓ આવરી લેવામાં આવી હતી. પરિષદે નિષ્ક્રિય PACS ના પુનરુત્થાન, સભ્યપદ અભિયાન અને PACS ને મલ્ટિ-સર્વિસ સેન્ટર્સમાં વૈવિધ્યકરણ કરવા પર પણ વિચાર-વિમર્શ કર્યો હતો, જેમાં બીજ વિતરણ, ખાતર પુરવઠો, કોમન સર્વિસ સેન્ટર્સ, જન ઔષધિ કેન્દ્રો, ડિજિટલ સેવાઓ અને ઈ-વોલેટ સુવિધાઓ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. વધુ ચર્ચાઓ સહકારી બેંકિંગ પ્રણાલીઓને મજબૂત કરવા પર કેન્દ્રિત હતી, જેમાં DCCBs દ્વારા ક્રેડિટ ફ્લો, સાયબર સુરક્ષા, આધાર સીડિંગ, ડોરસ્ટેપ બેંકિંગ અને ટેક્નોલોજી અપનાવવા સંબંધિત મુદ્દાઓનો સમાવેશ થાય છે. પાયાના સ્તરે સેવા વિતરણ સંસ્થાઓ તરીકે PACS ની વધતી જતી ભૂમિકા સાથે નાણાકીય પ્રણાલીઓને સુસંગત બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. પરિષદ દરમિયાન થયેલો વિચાર-વિમર્શ માળખાગત આયોજન,ટેક્નોલોજી એકીકરણ અને પાયાના સ્તરે અમલીકરણ દ્વારા સહકારી ઈકોસિસ્ટમને મજબૂતકરવામાટેની મંત્રાલયની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે સહકાર દ્વારા સંચાલિત આત્મનિર્ભર અને સર્વસમાવેશક અર્થતંત્રના નિર્માણના વિઝન સાથે સુસંગત છે.

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ક્રાંતિવીર સરદારસિંહ રાણાની ૧૫૬મી જયંતિ નિમિત્તે પોડિયમ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી



કમલમ્,

દેશની આઝાદીની ચળવળના અગ્રણી ક્રાંતિવીર શ્રી સરદારસિંહ રાણાની ૧૫૬મી જયંતિ નિમિત્તો ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ શ્રી સરદારસિંહ રાણાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્રપ્રેમ અને બલિદાનને યાદ કર્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સરદારસિંહ રાણા એવા ક્રાંતિવીર હતા જેમણે ભારતની સ્વતંત્રતા પૂર્વે જ વિદેશની ધરતી પર ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવીને દેશની અસ્મિતાનો પરિચય કરાવ્યો હતો. તેમણે ઈંગ્લેન્ડ અને ફ્રાન્સમાં રહીને ભારતની આઝાદી માટે ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું સંકલન કર્યું હતું. મેડમ ભિખાઈજી કામા સાથે મળીને તેમણે જર્મનીમાં સૌપ્રથમવાર ભારતનો ધ્વજ ફરકાવ્યો, જે તે સમયે વૈશ્વિક સ્તરે ભારતની સ્વતંત્રતાના અવાજ સમાન હતો. અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે, તેમણે પોતાનું જીવન માત્ર અંગત સુખ-સુવિધા કે વ્યવસાય માટે નહીં, પરંતુ આવનારી પેઢીઓ સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ શકે તે માટે રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. શ્રી સરદારસિંહ રાણા શ્યામજી કૃષ્ણ વર્માના સંપર્કમાં આવ્યા બાદ આઝાદીની લડતમાં સક્રિય થયા હતા. અધ્યક્ષશ્રીએ યુવા પેઢીને સરદારસિંહ રાણાના જીવનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રહિત માટે કાર્ય કરવા આહવાન પણ કર્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના સચિવ શ્રી સી. બી. પંડ્યા સહિત ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રીન વેલી શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉપસ્થિત રહીને આ મહાન દેશભક્તને અંજલિ આપી હતી.

# લોકસભા અધ્યક્ષે કાયદા ઘડનારાઓને રાજકારણથી ઉપર ઉઠીને પ્રામાણિકતા સાથે લોકોની સેવા કરવા આહ્વાન કર્યું

## ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યુવા ધારાસભ્યોની મહત્વની જવાબદારી છેઃ લોકસભા અધ્યક્ષ









કમલમ્,

લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ કાયદા ઘડનારાઓને વ્યક્તિગત અને રાજકીય હિતોથી ઉપર ઉઠવા વિનંતી કરી હતી, અને તેઓ જે લોકોનુંપ્રતિનિધિત્વ કરે છે તેમની આશાઓ અને આકાંક્ષાઓને ખંત અને પ્રામાણિકતા સાથે પૂર્ણ કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે રેખાંકિત કર્યું હતું કે ચૂંટાયેલા પ્રતિનિધિઓને જાહેર અપેક્ષાઓને નક્કર પગલાઓમાં પરિવર્તિત કરવા, લોકશાહી સંસ્થાઓને મજબૂત કરવા અને પારદર્શક, સર્વસમાવેશક અને પ્રતિભાવશીલ શાસન સુનિશ્ચિત કરવા માટેનો જનાદેશ સોંપવામાં આવ્યો છે. તેમણે નોંધ્યું હતું કે નાગરિકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે વિઝન, સમર્પણ અને જાહેર કલ્યાણ પ્રત્યે અટલ પ્રતિબદ્ધતાની જરૂર છે—જે વિકસિત, સમાન અને આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણ માટે આવશ્યક ગુણો છે. શ્રી બિરલાએ અહીં યોજાયેલી પ્રથમ CPA ઈન્ડિયા રિજન ઝોન ફૈં કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. યુવા ધારાસભ્યોની ભૂમિકા અને જવાબદારીઓ પર બોલતા, શ્રી બિરલાએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં તેમની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉભરતા નેતાઓ તરીકે, તેમને નવીન નીતિઓ ચલાવવા, સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા અને લોકશાહી સંસ્થાઓને મજબૂત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે તેમની ઊર્જા, વિઝન અને જાહેર કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા સમૃદ્ધ, આત્મનિર્ભર અને સમાન ભારતના નિર્માણમાં પરિવર્તનકારી ભૂમિકા ભજવી શકે છે, જે આવનારી પેઢીઓ માટે ટકાઉ વિકાસ અને સામાજિક પ્રગતિ સુનિશ્ચિત કરે છે. રાષ્ટ્ર નિર્માણમાં વિધાયક સંસ્થાઓની બદલાતી ભૂમિકા વિશે આંતરદૃષ્ટિ શેર કરતા, શ્રી બિરલાએ જાહેર કલ્યાણ અને સુશાસનને પ્રોત્સાહન આપવામાં રાજ્ય વિધાનમંડળો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે સંસદીય લોકશાહી વૈશ્વિક સ્તરે શાસનની શ્રેષ્ઠ પ્રણાલી તરીકે ઓળખાય છે અને હાઈલાઈટ કર્યું હતું કે ૧૯૫૨ થી દરેક ચૂંટણીમાં મતદારોના ટર્નઆઉટમાં સતત વધારો એ જીવંત લોકશાહી તરીકે ભારતની સ્થાયી સફળતાને પ્રતિબિંબિત કરે છે. સંશોધન, નવીનતા અને ટેકનોલોજીના મહત્વ પર ભાર મૂકતા શ્રી બિરલાએ રેખાંકિત કર્યું હતું કે લોકોના પ્રતિનિધિઓએ વિજ્ઞાન અને ટેકનોલોજીની પરિવર્તનકારી શક્તિનો ઉપયોગ કરીને નાગરિકોના પ્રશ્નો ઉકેલવામાં પારંગત હોવા જોઈએ. તેમણે નોંધ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા અદ્યતન સાધનોના યુગમાં માનવીય સંવેદનશીલતા સમાન રીતે આવશ્યક છે. તેમણે ધારાસભ્યોને જનતા સાથે ગાઢ સંપર્ક રાખવા અને સહાનુભૂતિ તથા સદભાવના સાથે તેમની ચિંતાઓ ઉકેલવા વિનંતી કરી હતી. તેમણે વિધાયક મુદ્દાઓ, નિયમો અને પ્રક્રિયાઓને સમજવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે અવલોકન કર્યું કે જેઓ નીતિઓ અને કાયદાઓ પરના વિચારશીલ વિમર્શમાં સક્રિયપણે ભાગ લે છે તેઓ ઘણીવાર તેમના રાજ્યોમાં અગ્રણી નેતાઓ તરીકે ઉભરી આવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ધારાસભ્યો વિધાયકપ્રક્રિયાઓથી જેટલા વધુ પરિચિત થશે, તેટલી જ ગૃહમાં તેમની સહભાગિતા વધુ અને અસરકારક રહેશે. શ્રી બિરલાએ ગોવાના જીવંત પર્યટન, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ગતિશીલ ઉર્જાની પ્રશંસા કરી હતી. તેમણે લોકશાહી શ્રેષ્ઠતા અને પ્રગતિશીલ શાસન પ્રત્યે ઝૅછ ઝોન VII—જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવાનો સમાવેશ થાય છે—ની પ્રતિબદ્ધતા પર પણ પ્રકાશ પાડ્યો હતો. ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસેથી લોકોની ઉચ્ચ અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પર ભાર મૂકતા શ્રી બિરલાએ રેખાંકિત કર્યું હતું કે મજબૂત વિધાયક સંસ્થાઓ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. CPA ઈન્ડિયા રિજનના નવનિર્મિત ઝોન VII વિશે વાત કરતા, જેમાં મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતનો સમાવેશ થાય છે, શ્રી બિરલાએ નોંધ્યું હતું કે દરેક રાજ્ય અનન્ય પડકારોનો સામનો કરે છે, પરંતુ તેમના જાહેર સહકાર અને સામૂહિક પ્રયત્નોની ભાવનાએ આ પડકારોને વિકાસની તકોમાં ફેરવી દીધા છે. તેમણે ઉમેર્યું હતું કે તમામ રાજ્યો એકબીજા પાસેથી શ્રેષ્ઠપદ્ધતિઓ શેર કરીને અને અપનાવીને લાભ મેળવી શકે છે, ખાસ કરીને દરિયાકાંઠાના વિકાસને આગળ વધારવામાં. તેમણે ભારતને ટકાઉ વૃદ્ધિ અને વિકાસ તરફ દોરી જવા માટે સહયોગ, નવીનતા અને લોકશાહી મૂલ્યોની નિર્ણાયક ભૂમિકાની પુનઃપુષ્ટિ કરીને પોતાનું સંબોધન પૂરું કર્યું હતું. રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરિવંશ; ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંત; મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ શ્રી રામ શિંદે; અને મહારાષ્ટ્રવિધાનસભાના અધ્યક્ષ શ્રી રાહુલ નાર્વેકર પણ આ પ્રસંગે સંબોધન કર્યું હતું. ગોવા વિધાનસભાના અધ્યક્ષ ડૉ. ગણેશ ગાંવકરે આ પ્રસંગે સ્વાગત પ્રવચન આપ્યું હતું. ગોવા વિધાનસભાના ઉપાધ્યક્ષ જોશુઆ ડી'સોઝાએ આભારવિધિ કરી હતી.

# યોજના, કુરુક્ષેત્ર અને એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ હવે WAVES OTT પર મફતમાં ઉપલબ્ધ

## પ્રકાશન વિભાગે ઈન્ડિયા યર બુક સહિત ૨૨૭ ઈ-બુક્સ મફત એક્સેસ માટે બહાર પાડી




કમલમ્,

ડિજિટલ જ્ઞાન પ્રાપ્તિ તરફના એક મોટા પ્રોત્સાહનરૂપે, પ્રકાશન વિભાગે તેના ફ્લેગશિપ સામયિકો યોજના, કુરુક્ષેત્ર, આજકલ અને બાલ ભારતીની સાથે સાપ્તાહિક એમ્પ્લોયમેન્ટ ન્યૂઝને પ્રસાર ભારતીના WAVES OTT પ્લેટફોર્મ પર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવ્યા છે, જે તેનો સમૃદ્ધ ભંડાર સીધો દેશભરના વાચકો સુધી પહોંચાડે છે. આ પહેલનો ઉદ્દેશ્ય દેશભરના વાચકો માટે વિશ્વસનીય, માહિતીપ્રદ અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ સામગ્રીની પહોંચનું લોકશાહીકરણ કરવાનો છે. માસિક સામયિકો સામાજિક-આર્થિક મુદ્દાઓ, ગ્રામીણ વિકાસ, સાહિત્ય અને બાળકોના શિક્ષણના ઊંડાણપૂર્વકના વિશ્લેષણ માટે વ્યાપકપણે જાણીતા છે, જ્યારે એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ રોજગારીની તકો, ભરતીની સૂચનાઓ, કારકિર્દી માર્ગદર્શન અને કૌશલ્ય વિકાસ વિશે વિશ્વસનીય અને સમયસર માહિતી પૂરી પાડીને નોકરી શોધનારાઓ માટે એક મહત્વપૂર્ણસ્રોત તરીકે સેવા આપે છે. સામયિકો ઉપરાંત, વિવિધ શૈલીઓની ઈ-બુક્સનો વ્યાપક સંગ્રહ પણ WAVES પ્લેટફોર્મ પર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. આમાં પ્રતિષ્ઠિત ભારત યર બુક (Bha®a Year Boko) નો સમાવેશ થાય છે, જે ભારતનું શાસન, અર્થતંત્ર અને વિકાસલક્ષી પહેલોના અધિકૃત અને વિગતવાર અહેવાલ માટે જાણીતું ફ્લેગશિપ પ્રકાશન છે. હાલમાં, કુલ ૨૨૭ ઈ-બુક્સ વાચકો માટે વિનામૂલ્યે ઉપલબ્ધ છે. તેની ડિજિટલ ઓફરિંગને વધુ વિસ્તારતા, પ્રકાશન વિભાગ એપ્રિલના અંત સુધીમાં WAVES પ્લેટફોર્મ પર અંદાજે ૩૦૦ વધારાની ઈ-બુક્સ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરી રહ્યું છે.

આ પ્રકાશનો નજીવા દરે ઓફર કરવામાંઆવશે, જે જ્ઞાન પ્રસારના વિભાગના મિશનને ચાલુ રાખવાની સાથે પરવડે તેવી કિંમત સુનિશ્ચિત કરશે. સુલભતા અને વાચકોની સુવિધામાં વધુ વધારો કરવા માટે, પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત મુદ્રિત પુસ્તકો પણ WAVES પ્લેટફોર્મ દ્વારા ખરીદી શકાય છે. આ સુવિધા ONDC (ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ) ફ્રેમવર્ક હેઠળ CSC ગ્રામીણ ઈ-સ્ટોર દ્વારા સક્ષમ કરવામાં આવી રહી છે, જે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારો સહિત દેશભરના વાચકોને ભૌતિક નકલોની સીમલેસ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. હાલમાં કુલ ૫૨૪ મુદ્રિત પુસ્તકો ખરીદી માટે ઉપલબ્ધ છે. આ પહેલ તેના પ્રકાશનોની પહોંચ વધારવા અને વાચકોની બદલાતી પસંદગીઓને પૂરી કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો લાભ લેવાની પ્રકાશન વિભાગની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. પરવડે તેવી પેઈડ સામગ્રી અને ભૌતિક પુસ્તકોની ઉપલબ્ધતા સાથે મફત ડિજિટલ એક્સેસને એકીકૃત કરીને, વિભાગ એક વ્યાપક અને સમાવેશી વાંચન ઈકોસિસ્ટમ બનાવવાનું લક્ષ્ય રાખે છે. લોકોને WAVES OTT પ્લેટફોર્મ પર હવે ઉપલબ્ધ સામયિકો અને ઈ-બુક્સની વિસ્તૃત શ્રેણીની શોધ કરવા અને આ પહેલનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા મિશન સાધના સપ્તાહ ૨૦૨૬ હેઠળ ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) પર સંવાદાત્મકસત્રનું આયોજન કરવામાં આવ્યું



કમલમ્,

ઉચ્ચ શિક્ષણ વિભાગદ્વારા ૨ થી ૮ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવેલા 'સ્ટ્રેન્થનિંગ એડેપ્ટિવ ડેવલપમેન્ટ એન્ડ હ્યુમન એપ્ટિટ્યુડ ફોર નેશનલ એડવાન્સમેન્ટ' (સાધના) સપ્તાહ ૨૦૨૬ ના ભાગરૂપે ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) પર એક સંવાદાત્મક સત્રનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ કેપેસિટી બિલ્ડિંગ કમિશન (CBC) ના સ્થાપના દિવસ અને નાગરિક-કેન્દ્રીય શાસન માટેની ભારતની સીમાચિહ્નરૂપ પહેલ 'મિશન કર્મયોગી' ના પાંચ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરે છે. સ્વાગત પ્રવચન ઉચ્ચ શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ (વહીવટ) સૈયદ એકરામ રિઝવી દ્વારા આપવામાં આવ્યું હતું, જેમણે નાગરિક-કેન્દ્રીય શાસન માટે જ્ઞાન, કૌશલ્ય અને ક્ષમતા વધારવાના ઉદ્દેશ્યથી ઓનલાઈન અભ્યાસક્રમોની શ્રેણી પ્રદાન કરવામાં મિશન કર્મયોગી હેઠળ કેપેસિટી બિલ્ડિંગ કમિશનની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. આ સત્ર સમકાલીન શિક્ષણ, સંશોધન અને શાસનમાં ભારતીય જ્ઞાન પ્રણાલીની સુસંગતતા પર માળખાગત પીઅર લર્નિંગ અને અર્થપૂર્ણ વિચાર-વિમર્શને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું. ભારતની સમૃદ્ધ બૌદ્ધિક પરંપરાઓ સમસ્યા-નિવારણ, નવીનતા અને નીતિ નિર્માણના આધુનિક અભિગમોને કેવી રીતે માહિતગાર કરી શકે છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ IIT હૈદરાબાદના બાયોમેડિકલ એન્જિનિયરિંગ વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. મોહન રાઘવનનું સંબોધન હતું. તેઓ હેરિટેજ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સ્થાપક વડા હતા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે પણ સંકળાયેલા છે. ડૉ. રાઘવને ટેકનોલોજી, વિજ્ઞાન અને ભારતની જ્ઞાન પરંપરાઓને જોડતા તેમના આંતરશાખાકીય કાર્યમાંથી આંતરદૃષ્ટિ શેર કરી હતી. પ્રોફેસરે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) ની બજાર સંભવિતતા નોંધપાત્ર છે, ત્યારે તેની સાચી તાકાત ઉચ્ચ શિક્ષણમાં તેની પરિવર્તનકારી ભૂમિકામાં રહેલી છે. તેમણે ભાર મૂક્યો હતો કે IKS ને એક અલગ વિષય તરીકે જોવો જોઈએ નહીં પરંતુ એક બહુશાખાકીય માળખા તરીકે જોવો જોઈએ જે વિજ્ઞાન, એન્જિનિયરિંગ, માનવતા અને સંચાલન (મેનેજમેન્ટ) જેવા વર્તમાન શૈક્ષણિક ક્ષેત્રોને સમૃદ્ધ બનાવી શકે છે. ઉચ્ચ શિક્ષણમાં IKS નેએકીકૃત કરીને, યુનિવર્સિટીઓ ગોખણપટ્ટીથી આગળ વધીને વધુ સર્વગ્રાહી મોડેલ તરફ જઈ શકે છે જે જ્ઞાન, પ્રયોજન અને મૂલ્યો (ધર્મ) ને જોડે છે. પ્રોફેસરે એ પણ નોંધ્યું હતું કે આ અભિગમ સમકાલીન શૈક્ષણિક સુધારાઓ સાથે સુસંગત છે, જે ભારતની સાંસ્કૃતિક અને બૌદ્ધિક વિરાસતમાં મૂળ ધરાવતા સંશોધન, નવીનતા અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહિત કરે છે. IKS અપનાવતીસંસ્થાઓઆંતરશાખાકીય કાર્યક્રમો ઓફર કરી શકે છે, મૂળ સંશોધનને પ્રોત્સાહન આપી શકે છે અને એવા સ્નાતકો તૈયાર કરી શકે છે જેઓ માત્ર કુશળ વ્યાવસાયિકો જ નહીં પરંતુ સાંસ્કૃતિક રીતે સભાન અને સામાજિક રીતે જવાબદાર વ્યક્તિઓ પણ હોય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભવિષ્ય માટે તૈયાર શિક્ષણ પ્રણાલી બનાવવા માટે આ એકીકરણ આવશ્યક છે જે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક હોય અને તેના મૂળ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલ હોય. ત્યારબાદ સહભાગીઓ સાથે સંલગ્ન પ્રશ્નોત્તરી (Q&A) સત્રના રૂપમાં વાતચીત થઈ હતી. આ સત્રમાં સર્વગ્રાહી શિક્ષણને આકાર આપવામાં ભારતીય જ્ઞાન પ્રણાલીની સતત સુસંગતતા અને ટકાઉ રાષ્ટ્રીય ઉન્નતિ માટે શાસન પ્રથાઓમાં પરંપરાગત ક્ષમતાને સમાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સત્રમાં શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિચારશીલ નેતાઓ અને પ્રેક્ટિશનરોને એકસાથે લાવીને, ઉચ્ચ શિક્ષણ વિભાગે મિશન કર્મયોગી હેઠળ જ્ઞાન-સંચાલિત, અનુકૂલનશીલ અને માનવીય શાસન ઈકોસિસ્ટમને પોષવા માટેની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરી છે.

# ભારતના નાણાકીય ગુપ્તચર એકમ અને ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે સાયબર છેતરપિંડી અને નાણાકીય ગુનાઓનો સામનો કરવા માટેએક સીમાચિહ્નરૂપ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા

## આ સમજૂતી કરાર બંને એજન્સીઓને ઓપરેશનલ ગુપ્ત માહિતી વિકસાવવા અને નાણાકીય ગુનાઓને રોકવા, ડિજિટલ વ્યવહારોને સુરક્ષિત કરવા અને સંપત્તિ પુનઃપ્રાપ્ત કરવામાં તપાસ એજન્સીઓને મદદ કરવા સક્ષમ બનાવશે



કમલમ્,

સાયબર છેતરપિંડી અને નાણાકીય ગુનાઓ સામે ભારતની લડાઈને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ-ઈન્ડિયા (FIU-ઈન્ડિયા) અને ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (14C) એ માહિતી શેરિંગ અને સંકલનને વધારવા માટે એક વ્યાપક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતી કરાર પર FIU-INDના ડિરેક્ટર શ્રી અમિત મોહન ગોવિલ અને ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (14C)ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજેશ કુમાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ભારતમાં સાયબર છેતરપિંડી અને નાણાકીય ગુનાઓ સામેની લડાઈમાં મોખરે રહેલી બે એજન્સીઓ વચ્ચે સહયોગી ગુપ્ત માહિતી શેરિંગના નવા યુગની શરૂઆત દર્શાવે છે.

આ સહયોગ એવા સમયે આવ્યો છે જ્યારે ભારતની ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ નોંધપાત્ર ફેરફારોમાંથી પસાર થઈ રહી છે, જેમાં નાગરિકોને સાયબર ક્રાઈમ અને છેતરપિંડીથી બચાવવા માટે સુરક્ષા પગલાં વધારવાની જરૂર છે. આ એમઓયુ બંને એજન્સીઓનેઓપરેશનલ ઈન્ટેલિજન્સ વિકસાવવા અને નાણાકીય ગુનાઓ અટકાવવા, ડિજિટલ વ્યવહારોનું રક્ષણ કરવા અને સંપત્તિ પુનઃપ્રાપ્ત કરવામાં તપાસ એજન્સીઓને મદદ કરવા સક્ષમ બનાવશે. આ એમઓયુનો ઉદ્દેશ્ય બંને એજન્સીઓને રાષ્ટ્રીય છેતરપિંડી શોધ પ્રોટોકોલને સુધારવા માટે મજબૂત પ્રતિભાવ પદ્ધતિઓ સ્થાપિત કરવા તેમજ નાણાકીય સંસ્થાઓને તેમના સાયબર છેતરપિંડી નિવારણ પ્રયાસોને મજબૂત બનાવવા માટે માર્ગદર્શિકા અને ચેતવણી સૂચકોના વિકાસ અને પ્રસારને સરળ બનાવવાનો છે. સાયબર ક્રાઈમ સામેની લડાઈમાં "સંપૂર્ણ-સરકારી" અભિગમ અપનાવવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે.

ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ ઓફ ઈન્ડિયા (FIU-ઈન્ડિયા)

FIU-ઈન્ડિયા એક કેન્દ્રીય રાષ્ટ્રીય એજન્સી છે જે શંકાસ્પદ નાણાકીય વ્યવહારો સંબંધિત માહિતી પ્રાપ્ત કરવા, પ્રક્રિયા કરવા, વિશ્લેષણ કરવા, પ્રસારિત કરવા, મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ સામેના પ્રયાસોનું સંકલન કરવા માટે જવાબદાર છે.

ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (14C) વિશે

14C એ ગૃહ મંત્રાલયનું એક જોડાયેલ કાર્યાલય છે જે કાયદા અમલીકરણ એજન્સીઓ (LEA) ને સંકલિત અને વ્યાપક રીતે સાયબર ગુનાનો સામનો કરવા માટે એક માળખું અને ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે જવાબદાર છે. 14C એ રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP), સાયબર-પોલીસ, શંકાસ્પદ રજિસ્ટ્રી, વગેરે જેવા વિવિધ પ્લેટફોર્મ વિકસાવ્યા છે, જે કાયદા અમલીકરણ એજન્સીઓ (LEA), બેંકો અને નાણાકીય સંસ્થાઓ સહિત વિવિધ હિસ્સેદારો વચ્ચે વાસ્તવિક સમયની ગુપ્ત માહિતી શેરિંગ અને સંકલન માટે સુરક્ષિત પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય ટેલિકોમ, બેંકિંગ અને અન્ય સંબંધિત સંસાધનોના દુરુપયોગ સામે સક્રિય કાર્યવાહીને સક્ષમ કરીને ઓનલાઈન નાણાકીય ગુનાઓ સહિત સાયબર ગુનાઓનો સામનો કરવાનો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028